# હોસ્પિટલમાં અટકાયતમાં રાખેલ દર્દીઓ માટે ઈલેક્ટ્રો-કન્વલસિવ ઉપચાર

(1983ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 58 એ)

## આ પત્રિકા શાના અંગે છે?

આ પત્રિકા માનસિક વિકૃતિની સારવાર કરવા ઈલેક્ટ્રો-કન્વલસિવ ઉપચાર (ECT) ના ઉપયોગ અંગેના 1983ના માનસિક આરોગ્ય અધિનિયમના ખાસ નિયમો સમજાવે છે. આ નિયમો માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 58એ માં છે.

## ઈલેક્ટ્રો-કન્વલસિવ ઉપચાર શું છે?

ECT એક સારવાર છે જે ઓછી સંખ્યામાં તીવ્ર માનસિક વિકૃતિઓ, જેવી કે તીવ્ર હતાશા, ઉન્માદ મગજ, કેટેટોનિયા માટે વપરાય છે. ECT દરમિયાન, મગજ મારફત ટૂંક સમય માટે વીજળી પ્રવાહ પસાર કરાય છે, જેનાથી ખેંચ ('ફિટ') આવે છે. ECT ને સામાન્ય એનેસ્થેશિયા હેઠળ અપાય છે અને ખેંચ દરમિયાન દર્દી પોતાને ઈજા ન પહોંચાડે તે માટે સ્નાયુઓને હળવા કરવા દર્દીઓને દવા પણ અપાય છે. સામાન્ય રીતે ECT, છ કે 12 સત્રોમાં, ખાસ તાલીમ આપેલ સ્ટાફ દ્વારા અપાય છે.

હોસ્પિટલ સ્ટાફને લાગે કે ECT કરાવવું તમારા માટે સારો વિચાર છે, તો તેઓ તે શું છે અને તેઓ એવું શા માટે વિચારે છે કે તમારે તે કરાવવું જોઈએ તે સમજાવશે.

## શું હું ECT કરાવવાનો ઈન્કાર કરી શકું?

તમે તમારી જાતે નિર્ણય લઈ શકો તેમ હોય, તો તમારે તે કરાવવાની ઈચ્છા ન હોય તો ECT કરાવવાની સંમતિ આપવી નહીં. તમે તે માટે સંમત થાવ, અથવા સંકટકાલિન સ્થિતિ હોય તો જ તમને ECT કરવામાં આવશે.

## હું 18 વર્ષ કરતાં ઓછી ઉંમરનો હોઉં તો શું થાય?

તમે 18થી ઓછી ઉંમરના હોવ અને તમે ECT માટે સંમત થાવ, તો તમારી સારવાર થતી હોય તે હોસ્પિટલના ન હોય તેવા ડોક્ટર તમને આવીને તપાસશે.

આ સ્વતંત્ર ડોક્ટરને SOAD (બીજા અભિપ્રાય માટે નિયુક્ત ડોક્ટર) કહે છે અને તેમની નિમણૂક સ્વતંત્ર કમિશન દ્વારા થાય છે તે માનસિક આરોગ્ય અધિનિયમનો કેવી રીતે અમલ થાય છે તેના પર દેખરેખ રાખે છે.

સ્વતંત્ર ડોક્ટર, તમારી સાથે અને તમને જાણતા હોય તે હોસ્પિટલના સ્ટાફ સાથે વાત કરશે.
તમે અને સ્વતંત્ર ડોક્ટર બંને ECT માટે સંમત થાય તો જ અથવા સંકટકાલિન સ્થિતિ હોય તો જ તમને ECT આપી શકાશે.

## હું પોતાના માટે નિર્ણય લઈ શકું તેમ નથી એવું હોસ્પિટલ સ્ટાફ વિચારે તો શું થાય?

તમારી માનસિક વિકૃતિને કારણે હોસ્પિટલનો સ્ટાફ વિચારી શકે કે તમને ECT કરાવવું કે કેમ તે તમારી જાતે નક્કી કરી શકો તેમ નથી.

આનો અર્થ એ કે તમે ECT શું છે, તે શાના માટે છે, અને તેની અસરો અને લાભો શું હોઈ શકે તે વિષે સમજી શકો તેમ નથી.

તેઓને લાગે કે તમારી જાતે તમે નિર્ણય લઈ શકો તેમ નથી, તો હોસ્પિટલનો સ્ટાફ સ્વતંત્ર ડોકટરને (SOAD) આવીને તમને તપાસવા જણાવશે. સ્વતંત્ર ડોકટર તમારી સાથે અને તમને જાણતા હોય ત હોસ્પિટલના સ્ટાફ સાથે વાત કરશે.

સ્વતંત્ર ડોકટર સંમત થાય કે તમારી જાતે તમે નિર્ણય કરી શકો તેમ નથી, તો સ્વતંત્ર ડોકટર તમને ECT આપવા હોસ્પિટલના સ્ટાફને છૂટ આપવા સંમત થઈ શકશે. સંકટકાલિન સ્થિતિ હોય તે સિવાય, સ્વતંત્ર ડોકટર સંમત થાય તો જ તમને ECT આપી શકાશે.

તમે, 2005ના માનસિક ક્ષમતા અધિનિયમ અન્વયે ECT નો ઈન્કાર કરવાનો અગાઉથી કાયદેસર બંધનકર્તા નિર્ણય કર્યો અથવા અધિનિયમ હેઠળ તમારા વતી નિર્ણયો લેવાની છૂટ આપી હોય તેવી કોઈક વ્યકિત કહે કે તેમને ECT કરાવવું જોઈએ નહીં તો સ્વતંત્ર ડોકટર તમને ECT આપવા હોસ્પિટલના સ્ટાફને છૂટ આપવા સંમત થઈ શકશે નહીં. આ વ્યકિત તમે છેલ્લે જેને મુખત્યારનામું આપ્યું હોય તે, કોર્ટ ઓફ પ્રોટેકશન દ્વારા તમારા માટે નિયુકત નાયબની અથવા કોર્ટ ઓફ પ્રોટેકશન પોતે હોઈ શકે. હોસ્પિટલનો સ્ટાફ તમને 2005ના માનસિક ક્ષમતા અધિનિયમ અંગે વધુ માહિતી આપી શકે.

## સંકટકાલિન સ્થિતિમાં શું થાય?

સંકટકાલિન સ્થિતિમાં, ન તો તમે કે ન તો સ્વતંત્ર ડોકટર તે માટે સંમત થાય તો પણ તમને ECT આપી શકશે.

પરંતુ આ તમારી જિંદગી બચાવવા કે તમારું માનસિક આરોગ્ય વધુ કથળતું અટકાવવા સીધેસીધા તમને ECT આપવું જરૂરી હોય તો જ કરી શકાશે.

## આચાર સંહિતા

આચાર સંહિતા, માનસિક આરોગ્ય અધિનિયમ અંગે હોસ્પિટલના સ્ટાફને અને માનસિક વિકૃતિ માટે સારવાર કરનાર લોકોને સલાહ આપે છે. સ્ટાફ તમારી સંભાળ અંગે નિર્ણયો લે ત્યારે આચાર સંહિતા શું કહે છે તેને સ્ટાફે વિચારણામાં લેવાની રહે છે. તમે ઈચ્છો, તો તમે સંહિતાની નકલ જોવાનું પૂછી શકો.

## હું કેવી રીતે ફરિયાદ કરું?

તમે, હોસ્પિટલમાં તમારી સંભાળ અને સારવાર બાબત કોઈપણ કરવા ફરિયાદ કરવા માગો, તો સ્ટાફના સભ્ય સાથે વાત કરવા વિનંતી. તેઓ આ બાબતનો નિકાલ કરી શકશે. તેઓ આ બાબતનો નિકાલ કરી શકશે. તેઓ તમને હોસ્પિટલની ફરિયાદ કાર્યપદ્ધતિ વિષે પણ માહિતી આપી શકશે, અને તમે સ્થાનિક ઠરાવ કહેવામાં આવે છે તેની મારફત તમારી ફરિયાદનો નિકાલ લાવવાનો પ્રયત્ન કરવા તમે તેનો ઉપયોગ કરી શકશો. તેઓ ફરિયાદ કરવામાં તમને મદદ કરી શકે તેવા બીજા કોઈ લોકો અંગે પણ તમને જણાવી શકશે.

તમને લાગે કે હોસ્પિટલની ફરિયાદ કાર્યપદ્ધતિ તમને મદદ કરી શકશે નહીં, તો તમે સ્વતંત્ર કમિશનને ફરિયાદ કરી શકો. કમિશન, માનસિક આરોગ્ય અધિનિયમનો કેવી રીતે ઉપયોગ કરાય છે, તેનો સાચી રીતે ઉપયોગ કરાય તેની ખાતરી કરવા અને દર્દીઓ હોસ્પિટલમાં હોય તે દરમિયાન યોગ્ય સંભાળ રાખવામાં આવે તેના પર દેખરેખ રાખે છે. કમિશનનો કેવી રીતે સંપર્ક કરવો તે સમજાવતી પત્રિકા, હોસ્પિટલ સ્ટાફ તમને આપી શકશે.

## વધુ મદદ અને માહિતી

તમને તમારી સંભાળ અને સારવાર અંગેની કોઈ વસ્તુ ન સમજાતી હોય, તો સ્ટાફનો સભ્ય તમને મદદ કરવા પ્રયત્ન કરશે. આ પત્રિકામાં કશું તમને ન સમજાય અથવા તમને બીજા કોઈ પ્રશ્નો હોય જેનો જવાબ આ પત્રિકામાં ન હોય તો તે સમજાવવા માટે સ્ટાફના સભ્યને પૂછવા વિનંતી.

તમારે બીજા કોઈ માટે આ પત્રિકાની નકલ જોઈતી હોય તો જણાવવા વિનંતી.